**રાજકોટ મહાનગરપાલિકા**

**-: જાહેરાત નિવિદા :-**

રાજકોટ મહાનગરપાલિકા સંબંધિત ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ હેઠળના કેસો, કે જે ફૂડ સેફટી એપેલેટ ટ્રિબ્યુનલ-ગાંધીનગર સમક્ષ રજિસ્ટર થયેલ હોય તેવા કેસોમાં, રાજકોટ મહાનગરપાલિકા તરફથી કામગીરી કરવા માટે એડવોકેટશ્રીઓની પેનલ તૈયાર કરવા માટે, આ કામગીરી કરવા લાયકાત ધરાવતાં અને ઇચ્છુંક એડવોકેટશ્રીઓ મારફત નિયત નમુનાનાં ફોર્મમાં જરૂરી આધાર પુરાવા સહ સ્પીડપોસ્ટ મારફત રાજકોટ મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, ડૉ. આંબેડકર ભવન, રૂમ નં.૪, ત્રીજો માળ, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૧ સરનામે તા.૧૦/૦૭/૨૦૨૬ સુધીમાં મળે તે રીતે અરજીઓ મંગાવવામાં આવે છે.

(આ કામે અરજી ફોર્મ, લાયકાત, શરતો, ફી વગેરે વિગતો માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટઃ www.rmc.gov.in પર recruitment section નો સંપર્ક કરવો.)

તા.૧૫/૦૬/૨૦૨૬

સહી
નાયબ કમિશનર
(હેડ ક્વાર્ટર)
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા

"ડો.આંબેડકર ભવન", ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

રજી. નં.________

(કચેરી ઉપયોગ માટે)

ફોન: ૦૨૮૧-૨૨૨૧૬૩૨ — લીગલ શાખા (ત્રીજો માળ, રૂમ નં.૦૪)

| | |
|---|---|
| **જગ્યાનું નામ :** | **પેનલ એડવોકેટ (ફુડ સેફટી એપેલેટ ટ્રીબ્યુનલ-ગાંધીનગર)** |

એડવોકેટનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોટાડી તેના પર સહી કરવી

| | |
|---|---|
| મોબાઈલ નં :- | |
| પરિણીત/અપરિણિત | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| એડવોકેટનું પુરૂ નામ : | નામ | | પિતા/પતિનું નામ | | અટક |
| | | | | | |
| પત્રવ્યવહારનું પુરૂ સરનામું : | | | | | |
| જન્મ તારીખ : | તારીખ | માસ | વર્ષ | જન્મ તારીખ શબ્દોમાં : | |
| | | | | | |
| **સનદની તારીખ :** | | | | **સનદ નંબર** | |

**શૈક્ષણિક લાયકાત : પ્રમાણિત આધારોની ઝેરોક્ષ નકલ જોડવી**

| ક્રમ | મેળવેલ ડીગ્રી | પાસ કર્યાનું વર્ષ | ટકાવારી |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

**અનુભવની વિગત : પ્રમાણિત આધારોની ઝેરોક્ષ નકલ જોડવી**

| ક્રમ | લો ફોર્મ / અંગત પ્રેકટીસ અંગેની વિગતો | અનુભવનો સમયગાળો |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |

| | |
|---|---|
| અન્ય વિગતો : | |

::સોગંદનામું ::

હું આથી એકરાર કરૂ છું કે, મેં ઉપર જણાવેલ તમામ વિગતો તદ્દન સાચી અને સંપૂર્ણ છે. જો ખોટી જણાય તો મારી સામે જે પગલાં લેવાય તે મને સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે. રાજકોટ મહાનગરપાલિકાનાં પ્રવર્તમાન અને વખતો-વખત થનાર તમામ નિયમોનું પાલન કરવા હું આથી લેખિત બાહેંધરી આપું છું.

| | |
|---|---|
| તારીખ : ................................ | |
| સ્થળ : | |

(સ્ટેમ્પ: રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન — લીગલ શાખા)

એડવોકેટની સહી :-________________

એડવોકેટનું નામ :- ________________

ફૂડ સેફટી એપેલેટ ટ્રિબ્યુનલ, ગાંધીનગર ખાતેના કેસો માટે રાજકોટ મહાનગરપાલિકાના પેનલ એડવોકેટશ્રીઓની નિયુક્તિ અંગેની શરતો :-

- અરજદાર એડવોકેટ તરીકે માન્ય સનદ ધરાવતા હોવા જોઈએ.
- આ પેનલ એડવોકેટશ્રીઓની ૧૦ (દસ) વર્ષ માટે નિયુક્તિ કરવામાં આવશે.
- એડવોકેટશ્રીએ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિયત કરેલ ફી શિડયુલ મુજબ કામગીરી કરવાની રહેશે. હાલ આ કામે નિયત ફી પેટે કેસ દીઠ રૂ.૬,૦૦૦/- મળવાપાત્ર રહેશે.
- એડવોકેટશ્રી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સામેની કોઇપણ મેટરમાં અથવા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનો હિત હોઇ, તેવી કોઇ પણ મેટર/બાબતમાં સીધી કે આડકતરી રીતે કામગીરી કરી શકશે નહી તેમજ તે બાબતે સલાહ કે અભિપ્રાય આપી શકશે નહી.
- આ નિયુક્તિનો અરસપરસ ૦૩ (ત્રણ) માસની લેખિત નોટીસ આપી અંત લાવી શકાશે.
- એડવોકેટશ્રીને સુપ્રત કરેલ કેસોમાં જયાં સુધી અન્ય એડવોકેટશ્રીની નિયુક્તિ ન થાય, ત્યાં સુધી જે તે કેસના કામે હાજર રહી કાર્યવાહી કરવાની રહેશે.
- એડવોકેટશ્રીને સોંપેલ કોઇ કેસ કેસની વિગતો અને એડવોકેટશ્રીના અનુભવની વિગતો ધ્યાને લેતાં સબંધિત કેસ અન્ય એડવોકેટશ્રીને ચલાવવાની મંજુરી કમિશનરશ્રી અથવા લીગલ શાખાનો હવાલો સંભાળતા નાયબ કમિશનરશ્રી આપી શકશે.
- એડવોકેટશ્રી રાજકોટ મહાનગરપાલિકા તરફથી તેઓને સુપ્રત કરેલ કેસ કોઇપણ યોગ્ય અને વ્યાજબી કારણ સિવાય સ્વીકારવાની ના પાડી શકશે નહી, તે અંગે પેનલ એડવોકેટશ્રીએ લેખિત જાણ કરવાની રહેશે, તેમજ જ્યાં સુધી, તે કેસમાં અન્ય એડવોકેટશ્રીની નિયુક્તિ ન થાય, ત્યાં સુધી તે અંગે યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.
- એડવોકેટશ્રીએ તેમના હસ્તકના કેસોમાં આવેલ વચગાળા કે કાયમી તમામ ચુકાદાઓ/હુકમોની જાણ અભિપ્રાય સહ લીગલ શાખાને વિના વિલંબે કરવાની રહેશે, તેમજ જો ચુકાદો/હુકમ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની વિરૂધ્ધમાં આવેલ હોય, ત્યારે તે અનુસંધાને આગળ અપીલ કરવા/જરૂરી કાર્યવાહી કરવા કારણો સહિત તમામ બાબતે અભિપ્રાય અને સર્ટીફાઇડ નકલો સહ સત્વરે લીગલ શાખાને મોકલવાનો રહેશે.
- એડવોકેટશ્રીઓએ તેઓને સુપ્રત કરેલ કેસ અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન લીગલ શાખા

- એડવોકેટશ્રીઓએ રાજકોટ મહાનગરપાલિકાના કેસો જાતે હાજર રહીને ચલાવવાના રહેશે, લો ફર્મના કિસ્સામાં પેનલ એડવોકેટશ્રીએ અંગત રીતે કોર્ટ કેસમાં હાજર થવાનું રહેશે અને તે એડવોકેટશ્રી અને તે ફર્મ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સામેની કોઇપણ મેટરમાં અથવા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનું હિત હોય તેવી કોઇ મેટર/બાબતમાં સીધી કે આડકતરી રીતે કામગીરી કરી શકશે નહી તેમજ તે બાબતે સલાહ કે અભિપ્રાય આપી શકશે નહી. વિરોધી પક્ષ માટે કોઈપણ પ્રકારની રજૂઆત ન કરવી (Conflict of Interest ન હોવો જોઇએ).
- એડવોકેટશ્રી ચાલુ કેસ દરમ્યાન કેસ પરત આપે તો તે અંગેની ફી ચુકવવામાં આવશે નહી, એડવોકેટશ્રી તેમને સોંપેલ કોઇ કેસ આપ મેળે અન્ય પેનલ એડવોકેટશ્રીને સોંપી શકશે નહી.
- પેનલ એડવોકેટ તરીકે નિયુક્તિ માટે ઓછામાં ઓછા ૫ (પાંચ) વર્ષ અથવા તેથી વધુ વર્ષનો ફૂડ સેફટી એકટ સંબંધિત કોર્ટ કેસોનો અનુભવ ધરાવતા હોવા જોઇએ અથવા ઓછામાં ઓછા ૫ (પાંચ) વર્ષ અથવા તેથી વધુનો ફૂડ સેફટી એપેલેટ ટ્રિબ્યુનલ, ગાંધીનગર લગતના કેસોનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.
- પેનલ એડવોકેટશ્રીઓની નિયુક્તિ માટે આવેલ અરજીઓમાંથી યોગ્ય પસંદગી કરવાનો સંપૂર્ણ હક્ક રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનો રહેશે.
- અધુરી વિગતોવાળી, સમય મર્યાદા બાદ મળેલ અરજી તેમજ સ્પીડ પોસ્ટ સિવાયના માધ્યમથી મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ.